ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૦.૮ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૩ ટકા ● સાંજે ૧૬ ટકા

## આઈ લવ માય ગાંધીનગર



**રામસિંગ પરમાર**
એક્સ આર્મી મેન

**ગાંધીનગર ગમે**
ગાંધીનગર શહેરમાં જે શાંતિ અને આનંદ અનુભવી રહ્યો છું તે ક્યાંય નથી અનુભવ્યો.

**નગરજનો**
અહીંનાં નગરજનો ખૂબ માયાળુ અને સેવાભાવી છે, જેમને સિનિયર સિટિઝન્સની સેવા કરવાનો ખૂબ આનંદ આવે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**
દુષ્કાળ, ધરતીકંપ, બૉર્ડર પર લડાઈ જેવા પ્રસંગોએ પહોંચી જઈ આરોગ્ય અને સેવામાં પ્રવૃત્તિમય, ગરીબ લોકોને લોહીની જરૂરિયાત પૂરી પાડતી, થેલેસેમિયા જેવી ગંભીર બીમારીમાં જાગૃતિ ફેલાવતી સંસ્થા 'ઇન્ડિયન રેડક્રૉસ સોસાયટી' અને ગરીબોની બેલી, ૨૪ કલાક કાર્યશીલ સતત હરતીફરતી, માનવ સેવા એ જ પ્રભુસેવાના સૂત્રને વરેલી 'જુનિયર સિટિઝન કાઉન્સિલ'ને સમર્પિત છું.

**નગરને બહેતર બનાવવા**
નિવૃત્ત વડીલોને સેવાકિય પ્રવૃત્તિમાં જોડી નગરને અતિ રમણીય બનાવવા માગુ છું.

**નગર માટે હું કરી શકું**
ગરીબોની જરૂરિયાત, બાળકોને અભ્યાસમાં મદદ, વધુમાં વધુ ગરીબ બાળકો સેનામાં જોડાઈ દેશને સમર્પિત બને તે માટે પ્રયત્નશીલ છું.

# બીએસએફના અધિકારીઓ-જવાનો માટે એક જ અનાજ-કરિયાણું

## ફ્રન્ટિયર ગુજરાતના ૧૩મા સ્થાપના દિને આઈજી અજય તૌમરે બીએસએફની સિધ્ધિઓને બિરદાવી

ગાંધીનગર, તા.૧

આજે બીએસએફના 'ગુજરાત ફ્રન્ટિયર' એકમના ૧૩મા સ્થાપના દિવસ નિમિત્તે ગાંધીનગર ખાતેના મુખ્યાલય ખાતે ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ગુજરાત ફ્રન્ટિયરના આઈ.જી. અજય તૌમરે બીએસએફની સિધ્ધિઓને બિરદાવી હતી અને બીએસએફ દ્વારા હાથ ધરાતી વિવિધ પ્રવૃત્તિઓ અંગે પ્રકાશ પાડયો હતો.

ભારતીય સીમા સુરક્ષા દળ દ્વારા ગુજરાત તથા રાજસ્થાનના બાડમેર જિલ્લાની આંતરરાષ્ટ્રીય સરહદની રક્ષા માટે તા. ૧લી એપ્રિલ ૨૦૦૪ના રોજ ફ્રન્ટિયર ગુજરાત એકમની સ્થાપના કરવામાં આવી હતી. આજે આ યુનિટે ૧૨ વર્ષ પુરા કરી ૧૩મા વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો હતો. આ પ્રસંગે ફ્રન્ટિયર ગુજરાતના ગાંધીનગર ખાતેના મુખ્ય સંકુલમાં 'બડા ખાના'નું આયોજન કરાયું હતું. જેમાં ફ્રન્ટિયર ગુજરાતના તમામ કર્મીઓએ તેમના પરિવાર સહિત ભાગ લીધો હતો. આ પ્રસંગે ફ્રન્ટિયર ગુજરાતના આઈ.જી. અજય તૌમરે પત્રકારોને સંબોધતા જણાવ્યું હતું કે તેમના યુનિટમાં ઉચ્ચ અધિકારીઓના ભોજન માટે જે અનાજ-કરિયાણું આવે છે તે જ અનાજ-કરિયાણું અન્ય તમામ કેટેગરીના જવાનો માટે પણ આવે છે. આ સાથે તેમણે પાકિસ્તાની માછીમારોની ધરપકડથી માંડીને સમુદ્રિ વિસ્તારોમાં મેન ગૃવ્ઝનું વાવેતર, સીમાનું ફેન્સિંગ, બેરોજગારો માટે જોબ પ્લેસમેન્ટ, ગ્રામ્ય વિસ્તારોમાં ફીટનેસ પોઈન્ટનું સ્થાપન, યુવાઓ માટે કૌશલ્ય આધારિત તાલીમ, મેડિકલ કેમ્પ, સ્પોર્ટસ કીટનું વિતરણ, શૈક્ષણિક કીટનું વિતરણ, ખેલ સ્પર્ધાઓનું આયોજન વગેરે જેવી પ્રવૃત્તિઓ અંગે સવિસ્તર માહિતી આપી હતી.

આ ઉપરાંત તેમણે સીમાદર્શન, સાયકલોથોન, મેરેથોન વગેરે અંગે પણ જાણકારી આપી હતી.



### પ્રધાનમંત્રી ફુટબોલ સ્પર્ધા યોજાશે

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા પ્રેરિત અન્ડર-૧૯ કેટેગરીની પ્રધાનમંત્રી ફુટબોલ સ્પર્ધાનું આયોજન ફ્રન્ટિયર ગુજરાત એકમ દ્વારા કરાશે જે ૩ ભાગમાં રમાડાશે અને તેમાં ૭ રાજયોના ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે. આ સ્પર્ધાનું તા. ૧લી થી ૧૫ મી મે દરમિયાન પ્રથમ ચરણ બીએસએફના ગાંધીનગર મુખ્યાલય ખાતે યોજાશે.

### સીમાદર્શન, ફિટનેસ પોઈન્ટ અને સાયકલોથોન

આઈજી અજય તૌમરે જણાવ્યું હતું કે ગુજરાત સીમા દર્શનના આયોજનને એટલો પ્રોત્સાહક પ્રતિસાદ સાંપડયો છે કે જેના કારણે રાજય પરિવહન દ્વારા અમદાવાદથી નડા બેટની સીધી બસ સેવા પ્રારંભ કરવી પડી છે. આ ઉપરાંત તેમણે બીએસઅફ દ્વારા ગામે ગામ ફિટનેસ પોઈન્ટ વિકસાવવામાં આવી રહ્યા હોવાનું જણાવતા કહ્યું હતું કે 'વિદેશોમાં ફિટનેસને પ્રાધાન્ય બાળપણથી અપાય છે તેથી તેઓ ઓલિમ્પિક વગેરે રમતોમાં આગળ રહે છે.' તેમણે બીએસએફના સાયકલોથોનને પણ ખૂબ આવકાર મળ્યો હતો તે જણાવ્યું હતું.

# ઉર્જાનગર વિભાગ-૨ પાસે વિજપોલ યમદુત બને તેની રાહ જોતું તંત્ર

ગાંધીનગર, તા.૧

ન્યું ગાંધીનગરના રાંદેસણ ગામની હદમાં આવેલ ઉર્જાનગર-૨ સૌથી જુની સોસાયટી છે. આ સોસાયટીના રહીશોને માર્ગની બાજુમાં વીજપોલ ઉભા કરીને ૧૧ કે.વી.ની ઓવરહેડ લાઈનથી વીજળી પુરી પાડવામાં આવે છે. ત્યારે ઉર્જાનગરની આસપાસમાં પાછળથી બનેલી સોસાયટીઓ તેમજ ફલેટમાં વસવાટ કરતા નાગરીકોને શ્રીજી ફીડર પરથી અંડર ગ્રાઉન્ડ કેબલ દ્વારા વીજ પુરવઠો પુરો પાડવામાં આવે છે. જયારે ઉર્જાનગરના રહીશોની વારંવારની રજુઆત છતા યુજીવીસીએલના તંત્ર દ્વારા અંડર ગ્રાઉન્ડ વીજપુરવઠો આપવામાં આવતો નથી. ત્યારે યુજીવીસીએલની બેવડી નિતીને પગલે ઉર્જાનગરના રહીશોમાં રોષ ફાટી નીકળ્યો છે.

અમદાવાદ-ગાંધીનગર માર્ગ પર નિર્માણ પામેલ ન્યું ગાંધીનગરના રાંદેસણ વિસ્તારમાં ઉર્જાનગર વિભાગ-૨માં વીજપોલ દ્વારા વિજપુરવઠો આપવામાં આવતા ચોમાસા તેમજ વાવાઝોડા વખતે કલાકો સુધી લાઈટો ડુલ થઈ જવાના કિસ્સા બને છે. જયારે બાજુમાં આવેલ અંડરગ્રાઉન્ડ વાઈરીંગવાળી સોસાયટીઓમાં લાઈટનો પુરવઠો યથાવત રહેવા પામે છે. પ્રતિકમોલથી ઉર્જાનગર-૨ સુધીનો રોડ ખુબ સાંકડો હોવાથી અવારનવાર અકસ્માતના બનાવો બવતા હોય છે. કાર વીજપોલ સાથે ભટકાતા વીજપોલ ધરાશાયી થવાના કિસ્સા પણ બનવા પામ્યા છે. સોસાયટીના રહીશોની અનેકવાર રજુઆત છતા પ્રતિક મોલથી ઉર્જાનગર-૨ની ઓવરહેડ લાઈનને બદલે શ્રીજી ફીડર કે જે ૬૦થી ૭૦ મીટર દુર હોવા છતા અન્ડર ગ્રાઉન્ડ કેબલ દ્વારા બીજ પુરવઠો આપવાની કામગીરી હાથ ધરાઈ નથી.આ સોસાયટીમાંથી યુજીવીસીએલનો એક એગ્રીકલ્ચર લાઈન પણ પસાર કરવામાં આવેલ છે. તે મકાનની સાવ નજીકથી પસાર થાય છે. જેને પગલે મોટો અકસ્માત થવાની પણ શકયતા રહેલી છે જે તાત્કાલીક અસરથી દુર થવી જોઈએ. આ અંગે સ્થાનિક ધારાસભ્ય અને વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોર તેમજ ઉર્જામંત્રીને પણ આવેદન પત્ર આપી અડચણરૂપ વીજ થાંભલા અને વિજ વિતરણ લાઈન બદલવાની જોગવાઈ કરવા સ્થાનિક રહીશોએ ભલામણ કરી છે. ઉર્જાનગર વિભાગ-૨માં રહેતા નાગરીકોમાં મોટાભાગના જીઈબી કચેરીમાં ફરજ બજાવે છે. આ અંગે યુજીવીસીએલના કર્મચારીઓ બેવડી નિતી અપનાવી રહ્યા છે. જેથી નાગરીકોમાં રોષ ફેલાયો છે. જયારે યુજીવીસીએલના કર્મચારીઓને સ્થાનિકો દ્વારા પુછવામાં આવતા ટેન્ડરીગ પ્રક્રિયા ચાલુ હોવાનું જ રટણ કર્યા કરે છે. ત્યારે આ અંગે યોગ્ય નિવેડો નહીં આવે તો સોસાયટીના રહીશો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરશે.

## કોલવડાથી અંબાજી પગપાળા સંઘ નીકળશે

જય અંબે યુવક મિત્ર મંડળ કોલવડા ગાંધીનગર દ્વારા છેલ્લા ત્રણ દાયકાથી પગપાળા સંઘનું ભાવપૂર્ણ આયોજન કરવામાં આવે છે. આગામી તા.૩ એપ્રિલને સોમવારના રોજ સવારે ૯ કલાકે ગામના આગેવાન ચૌહાણ નરેન્દ્રસિંહ રતનસિંહના હસ્તે કોલવડા ગામના માઈ ભકતોની ભાવભીની પ્રાર્થના સાથે પગપાળા યાત્રા સંઘ અંબાજી જવા પ્રસ્થાન કરશે.

તા.૩ એપ્રિલના રોજ સવારે ૯ કલાકે માતાજીના નિશાનની વાઘેલા મહેશસિંહ નારણસિંહના નિવાસસ્થાને વિધિવત ભજન-પૂજા કરી, કાકાનો મઢ અંબાજીમાના મંદિરઅને રાણજીબાપાનો માઢ-સધિમાતાના મંદિર ધજા ચઢાવી ધામધુમથી ગરબા,ભજન-કિર્તન સાથે શોભાયાત્રા સ્વરૂપે માતાજીના રથ નિશાન સાથે મા વાઘેશ્વરી માતાજીના ધામમાં પ્રસ્થાન કરશે. ત્યારે પગપાળા અંબાજી જવા ઈચ્છુક ગામના માઈભકતોને જોડાવવા અનુરોધ કર્યો છે.

## દહેગામમાં રાયોટીંગ બાદ પોલીસે દમન ગુજાર્યો હોવાનો ઠાકોર સેનાનો આક્ષેપ

ગાંધીનગર, તા.૧

દહેગામ ખાતે ઠાકોર-રબારીઓ વચ્ચે થયેલી જુથ અથડામણ બાદ ઠાકોરો પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરવા ગયા ત્યારે તેમના પર લાઠીચાર્જ કરી દમન ગુજારવામાં આવ્યો હોવાનો આક્ષેપ ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા કરવામાં આવ્યો છે. અલ્પેશ ઠાકોરે આજે મામલતદારને આવેદનપત્ર પાઠવીને જવાબદાર પોલીસ સામે કાર્યવાહી કરવા રજુઆત કરી દહેગામમાં ચાલતા દારૂના અડ્ડાઓ પણ બંધ કરાવવા અલ્ટીમેટમ આપ્યું છે.

ક્ષત્રિય ઠાકોર સેનાના અલ્પેશ ઠાકોર તથા દહેગામ ક્ષત્રિય ઠાકોર સેનાની ટીમ આજે દહેગામ મામલતદાર કચેરીએ પહોંચી હતી. પાલૈયા વાસમાં રબારી અને ઠાકોરે વચ્ચે થયેલા રાયોટીંગ બાદ ઠાકોર સમાજના યુવાનો ફરીયાદ કરવા પોલીસ સ્ટેશન પહોંચ્યા ત્યારે પોલીસ દ્વારા લાઠીચાર્જ કરીને દમન ગુજારવામાં આવ્યો હોવાના આક્ષેપ સાથે આવેદનપત્ર મામલતદારને પાઠવી તાત્કાલીક અસરથી પીઆઈ, એએસઆઈ અને વહીવટદાર સહીતના જવાબદાર પોલીસ સામે કડક કાર્યવાહી કરી અન્યત્ર સ્થળે બદલી કરવા માંગ કરવામાં આવી છે. તે ઉપરાંત ૧૦ દિવસમાં દહેગામ પંથકમાં ચાલતા દારૂના અડ્ડાઓ બંધ કરાવવા અલ્ટીમેટમ પણ આપવામાં આવ્યું છે.

## સરકારી વિનયન કોલેજ ગાંધીનગરના વિદ્યાર્થીઓ જોગ

શહેરની સે-૧૫ સ્થિત સરકારી વિનનય કોલેજનો ઈનામ વિતરણ સમારોહ તા. ૬-૪-૨૦૧૭ના રોજ રુમ નં. ૨૮ ખાતે ૧૧.૩૦ કલાકે યોજવામાં આવેલ છે તો આ સમારોહમાં તમામ વિદ્યાર્થીઓએ ઉપસ્થિત રહેવા કોલેજના આચાર્ય એ અનુરોધ કર્યો છે.

## @ગાંધીનગર

● માં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા સે-૨-બી પ્લોટ નં. ૧૪૨૩/૨ ગીતાબેન ચંદ્રકાંતભાઈ પ્રજાપતિના નિવાસસ્થાને રાત્રે ૮ થી ૧૧ કલાક દરમિયાન આનંદનો ગરબો યોજાશે.

● માતૃભાષા અભિયાન અંતર્ગત આત્મન ફાઉન્ડેશન દ્વારા સવારે ૭.૩૦ કલાકે પુસ્તક પરબ યોજાશે.

● સે-૨૪ અંબાજી મંદિર ખાતે બપોરે ૨.૩૦ કલાકે સેવાભાવી યુવાનો દ્વારા પાણી બચાવોના સંદેશા સાથે આનંદનો ગરબો યોજાશે.

● પેથાપુર સોમનાથ સોસાયટી ખાતે રહેતા ધુળીબેન પટેલના નિવાસસ્થાને બપોરે ૨.૩૦ કલાકે આનંદનો ગરબો યોજાશે.

● જય બુટ ભવાની આનંદ ગરબા મંડળ દ્વારા સે-૪-એ પ્લોટ નં. ૧૦૬૮/૧ ખાતે બપોરે ૩ થી ૬ કલાક દરમિયાન આનંદનો ગરબો યોજાશે.

● સે-૨૩ શિવશક્તિ મંદિર ખાતે બપોરે ૩ થી ૫ કલાક દરમિયાન આનંદન ગરબો યોજાશે.

● ગોગા મહારાજ મંદિર ઉનાવા ધામ ખાતે સવારે ૮.૧૫ કલાકે હવનપ્રારંભ તેમજ રાત્રે ૮.૦૦ કલાકે રાસ ગરબા યોજાશે.

● શહેરના સે-૫-સી કલેહર માતાજી મંદિર ખાતે સવારે ૮.૦૦ કલાકે નિર્વાણકોટી મહાયજ્ઞ તેમજ રાત્રે ૮.૦૦ કલાકે કુલોના ગરબા યોજાશે.

## વાતવાતમાં

● ગુજરાતના ૧૭૪ એએસઆઈની પીએસઆઈ તરીકે બઢતી કરવામાં આવી છે. જેમાં ગાંધીનગર જિલ્લાના ૧૫ એએસઆઈનો સમાવેશ થાય છે.

● વિધાનસભાનું સત્ર પૂર્ણ થતા વિધાનસભામાં સાર્જન્ટ તરીકે જે પી.આઈ. તથા પીએસઆઈ મુકવામાં આવ્યા હતા તે તમામે આ ડયુટી પૂર્ણ થતા પુનઃ પોતાનો મૂળ ચાર્જ સંભાળી લીધો છે.

● ભાજપ દ્વારા યુવા મોરચાની જાહેર કરાયેલ પ્રદેશ ટીમમાં ગાંધીનગરના સત્યદિપસિંહ પરમારની પ્રદેશ કોષાધ્યક્ષપદે તથા શહેરના જાણીતા ટીવી અભિનેતા જનક ઠકકરની રચનાત્મક સેલમાં નિમણુંક કરવામાં આવી છે.

## આજે ગાંધીનગરમાં મુખ્યમંત્રી પોલિયો અભિયાનનો શુભારંભ કરાવશે

ગાંધીનગર, તા.૧

મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણી રાષ્ટ્રીય પલ્સ પોલીયો દિવસ નિમિત્તે આવતીકાલ ૨જી એપ્રિલે ગાંધીનગર ખાતે બાળકોને પોલિયો વિરોધી રસી પીવડાવી અભિયાનનો શુભારંભ કરાવશે તેમ આરોગ્ય વિભાગની યાદીમાં જણાવાયું છે.

યાદીમાં વધુમાં જણાવાયાનુસાર આ અભિયાનનો કોમ્યુનીટી હોલ, મંત્રીમંડળ નિવાસ સ્થાન, સેકટર-૨૦ ગાંધીનગર ખાતે સવારે ૮.૩૦ કલાકે શુભારંભ થશે. અત્રે ઉલ્લેખનીય છે કે રાજય સરકારના સતત પ્રયાસોને કારણે છેલ્લા નવ વર્ષથી ગુજરાતમાં પોલીયોનો એક પણ કેસ નોંધાયો નથી.

# શહેરમાં રામનવમીએ વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા શૌર્ય રેલી યોજાશે

ગાંધીનગર, તા.૧

વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા રામનવમીના દિવસે શહેરમાં શ્રીરામ જન્મભુમી મંદિર નિર્માણ સંકલ્પ શૌર્ય રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. શહેરના જલારામ ધામ સે-૨૯ ખાતે થી શૌર્ય રેલી તા.૫ એપ્રિલના રોજ સવારે ૯ કલાકે પ્રસ્થાન થશે અને નગરના વિવિધ માર્ગો પર થઈને સેકટર-૭ ભારતમાતાના મંદિરે રેલીની પૂર્ણાહુતી બપોરે ૧ કલાકે થશે.

વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા આગામી તા.૫ એપ્રિલને રામનવમીના દિવસે શૌર્ય રેલીનું આયોજન કરાયું છે. આ રેલી સેકટર-૨૯ જલારામ ધામ ખાતે થી સવારે ૯ કલાકે પ્રસ્થાન થશે.જેમાં મોટીસંખ્યામાં બાઈક તેમજ ગાડી સહિત અન્ય વાહનો લઈને યુવાનો જોડાશે. આ રેલી જલારામથી માધ્યમિક શાળા થઈ ઘ-૭, સે-૨૮ બગીચા પાસે થઈને આદીવાડા, ત્યાંથી સેકટર-૨૭ થઈને શિવશકિત મંદિર ખાતે પહોંચશે.સેકટરના આંતરીક માર્ગ પર થઈને રેલી સેકટર-૨૬ ના સર્કલ પાસે થઈને સે-૨૪માં પ્રવેશ કરશે.ત્યાંથી આગળ વધતા પીળો પટ્ટો, આદર્શનગર થઈ હનુમાન દાદા મંદિર, આર્ય સમાજ પાસેથી પસાર થઈને ઈન્દીરાનગર, આઈટીઆઈ, ફતેપુરાગામ સેકટર-૧૫ સ્પોટર્સના મેદાન પાસેથી પસાર થઈ સેકટર-૧૪માં પ્રવેશ કરશે.સેકટરના આંતરીક માર્ગ પરથી પસાર થઈને સે-૧૩માં થઈ સેકટર-૫ એમઆરએફના શો રૂમ પાસેથી પસાર થઈને ખોડીયાર માતાજીના મંદિર, સીએનજી સ્ટેશન થઈ સે-૬માં સંતરોહીદાસ મંદિર થઈને બગીચાના પાસેના માર્ગ પરથી સે-૭માં પોલીસ ચોકી થઈને ભારત માતા મંદિર ખાતે રેલીનું સમાપન થશે.

# સે-૭ પોલીસ સ્ટેશનનો એન્ટી રોમીયો સ્કવોર્ડ એકટીવ કરાયો

ગાંધીનગર, તા.૧

શહેરના સેકટર-૧ના તળાવ પાસેનો બગીચો કોલેજ સમયમાં તથા મોડી સાંજે પ્રેમી યુગલોનો અડ્ડો બની જાય છે અને જાહેરમાં બિભત્સ ચેનચાળા કરતા હોય છે. આ પ્રકારની અનેક ફરિયાદો પોલીસને મળતા સે-૭ પોલીસ સ્ટેશનનો એન્ટી રોમીયો સ્કવોર્ડ એકટીવ કરી દેવામાં આવ્યો છે. પોલીસે આ અશ્લિલ ચેનચાળા કરતા યુગલો પર તવાઈ મચાવતા નગરજનોએ તથા આસપાસના રહીશોએ હાંશકારો અનુભવ્યો છે.

મળતી મહિતી મુજબ સેકટર-૧માં તળાવ આસપાસ રહેતા રહીશો તથા તળાવના બગીચે લટાર મારવા નીકળતા સહેલાણીઓ દ્વારા પોલીસને ફરિયાદો કરવામાં આવી હતી કે બગીચામાં પ્રેમી યુગલો જાહેરમાં અશ્લિલ ચેષ્ટાઓ કરે છે અને બગીચામાંથી પસાર થવું મુશ્કેલ બને છે. પ્રેમી યુગલોના બિભત્સ ચેનચાળા ઉપરાંત બગીચા આસપાસ અંધારામાં અસામાજીક તત્વો દ્વારા મહેફીલો જામતી હોવાની પણ ફરિયાદ પોલીસ સુધી પહોંચી હતી. જેને અંતર્ગત સેકટર-૭ પોલીસ સ્ટેશનની એન્ટી રોમીયો સ્કવોર્ડ એકટીવ કરાવી પી.આઈ. ડી.ડી. સોઢાએ સપાટો બોલાવ્યો છે. પ્રેમી યુગલો જે બિભત્સ ચેનચાળા કરતા હોય તેમને ત્રણ દિવસથી સતત રાઉન્ડ મારીને સ્કવોર્ડે બગીચામાંથી તગેડવાનું શરુ કરી દીધું છે તે ઉપરાંત અસામાજીક તત્વો જે અડીંગો જમાવીને બેઠા હોય છે તેમના પર પણ તવાઈ બોલાવી છે.

**સે-૧ના તળાવ પાસે ખુલ્લેઆમ બિભત્સ ચેનચાળા કરતા પ્રેમીયુગલો પર તવાઈ**

## ૧૧ કુંડી ગાયત્રી મહાયજ્ઞનું ૫મીએ આયોજન

ગાંધીનગર, તા.૧

ગાયત્રી શકિતપીઠ ગાંધીનગર ખાતે નવ દિવસીય નૂતન સંજીવની સાધના સત્ર અને ચૈત્રી નવરાત્રિ અનુષ્ઠાનથી પુર્ણાહુતિ નિમિત્તે ૧૧કુંડી ગાયત્રી મહાયજ્ઞનું આયોજન તા. ૫મી એપ્રિલના રોજ થશે. પરિજનોએ સવારે સવા સાત વાગે ઉપસ્થિત રહેવા જણાવેલ છે.

# એલડીઆરપી ખાતે ઈન્ટરનેટ ક્ષેત્રે આંતરરાષ્ટ્રીય સેમિનાર

## આઈઓટી ફોર ટીડી-૨૦૧૭માં દેશભરમાંથી ૧૦૦થી વધુ તજજ્ઞો ઉપસ્થિત

ગાંધીનગર, તા.૧

ગાંધીનગરના કડી સર્વ વિશ્વ વિદ્યાલય ખાતે સ્પીન્જર પબ્લિકેશનના સહયોગથી 'ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓન ઈન્ટરનેટ ઓફ થીન્ક ફોર ટેકનોલોજીકલ ડેવલોપમેન્ટ' એટલે કે 'આઈઓટી ફોર ટીડી-૨૦૧૭' સેમિનારનો આજથી પ્રારંભ થયો હતો. આ બે દિવસીય સેમિનારમાં દેશભરના વિવિધ ૩૦થી વધુ રાજયોમાંથી આવેલા તજજ્ઞોએ પેપર પ્રેઝન્ટેશન રજૂ કર્યા હતા.

કડી સર્વ વિશ્વ વિદ્યાલયના સેકટર-૧૫ ખાતેના એલડીઆરપી કેમ્પસ ખાતે આજે સવારે ૯.૩૦ કલાકે સેમિનારનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આઈઓટી ફોર ટીડી ૨૦૧૭ના ઉદઘાટન પ્રસંગે કેએસવીના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલ, ડાયરેકટર ડી.ટી.કાપડીયા, યુએઈના શારજાહની જઝીરા યુનિ.ના ડૉ.રાના સીંઘ, દિલ્હીની જેએનયુના ડૉ.ટી.વી. વિજયકુમાર, આઈઓટીના કો-ઓર્ડીનેટર ડૉ. એન.એન. જાની, એલડીઆરપી-આઈટીઆરના પ્રિન્સિપાલ, ડૉ.ગાર્ગી રાજપરા તથા સુનિલ જોશી ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે જઝીરા યુનિ.ના ડૉ.રાના સીંઘે ઈન્ટરનેટ ઓફ થીંગ્સ, ઈમેઝ પ્રોસેસીંગ, નેટવર્ક એન્ડ મોબાઈલ કોમ્યુનિકેશન વગેરે પર વિસ્તારપૂર્વક ચર્ચા કરી હતી. જેએનયુના ડૉ. ટી.વી. વિજયકુમારે નવી ટર્મીનોલોજીમાં ડેટા માઈનીંગ, ડેટા વેરહાઉસીંગ, યુએસ માઈનીંગ, વેબ માઈનીંગ, સ્વોર્ન ઈન્ટેલીજન્ટ અને બીઝનેસ ઈન્ટેલીજન્સ વગેરે વિષયે પોતાનો મત જણાવતા નીતિ આયોગ દ્વારા ઈન્કયુબેસન સેન્ટ માટે જે ફંડ ફાળવવામાં આવે છે તેની માહિતી આપી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે દેશભરની વિવિધ યુનિવર્સિટીઓમાં ચાલતા કોમ્પ્યુટર એન્ડ ઈન્ફર્મેશન ટેકનોલોજી વિભાગના ૧૦૦થી વધુ તજજ્ઞો આ સેમિનારમાં ભાગ લઈ રહ્યા છે. પ્રથમ દિવસે ઉપસ્થિત તજજ્ઞોમાંથી ૩૦ તજજ્ઞોએ તેમના પેપર પ્રેઝન્ટેશન રજુ કર્યા હતા. આ સેમિનારને સફળ બનાવવામાં આઈઓટીના કો-ઓર્ડિનેટર ડૉ. એન.એન. જાની, કન્વીનર પ્રો. જે.વી.દવે, પ્રો. સુનિલ જોશી, પ્રો. હિરેન પટેલ, પ્રો. ભાવેશ કાતરીયા તથા કમિટીના અન્ય સભ્યો જહેમત ઉઠાવી રહ્યા છે.



## ચિરવિદાય

- સ્વ. રસીકલાલ ભગુભાઈ ગજ્જર, ઉ.વ. ૬૬
- સ્વ. મણીબા લક્ષ્મણસિંહ કુંપાવત, ઉ.વ. ૮૫
- સ્વ. કાયાજી પૂનાજી ઠાકોર, ઉ.વ. ૭૦
- સ્વ. પ્રિયંકા બ્રિજેશકુમાર વાઘેલા, ઉ.વ. ૧૮
- સ્વ. રામાવતા મોજેલા મિશ્રા, ઉ.વ. ૭૨